મહિસાગર જિલ્લામાં સુજલામ સુફલામ્ કેનાલમાં પાણી છોડવા ખેડૂતોની પોકાર

વીરપુર પંથકમાં વરસાદ ખેંચાતા ૧૦ હજાર હેક્ટરનો પાક સુકાવાના આરે

મોંઘા બિયારણ-ખાતર વાપરીને કરેલું વાવેતર બચાવવા કડાણા ડેમમાંથી પાણી છોડવા ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) વીરપુર, તા.૩

મહીસાગર જિલ્લામાં જળાશયોની સ્થિતિ તળિયા ઝાટક બની રહી છે ત્યારે વીરપુર તાલુકામાં પણ છેલ્લા ૨૦ દિવસથી વરસાદ ખેંચાતા ખેડૂતોની મુશ્કેલીમાં ભારે વધારો થયો છે. તાલુકામાં વરસાદનું એક પણ ટીપું ન પડતાં મોંઘા ભાવના બિયારણ, ખાતર અને દવાનો ઉપયોગ કરીને કરેલું ૧૦,૦૭૫ હેક્ટરનું વાવેતર હવે પૂરતા પાણી વગર સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. આ કટોકટીભરી સ્થિતિ વચ્ચે જો કડાણા ડેમમાંથી સુજલામ સુફલામ્ કેનાલમાં તાત્કાલિક પાણી છોડીને સિંચાઈ માટે પૂરું પાડવામાં ન આવ્યું, તો ખેડૂતોનો ઊભો પાક બળી જશે તે નક્કી છે.

વીરપુર તાલુકો મુખ્યત્વે વરસાદી તેમજ સિંચાઈ આધારિત તાલુકો છે. ચાલુ વર્ષે ખેડૂતોએ દેવું કરીને પણ મોંઘા ખાતર અને દવાઓનો છંટકાવ કરીને ઉત્સાહભેર વાવેતર કર્યું હતું. પરંતુ છેલ્લા ૨૦ દિવસથી (કેટલાક વિસ્તારોમાં એક માસથી) વરસાદે ખેંચ લેતાં ઊભા પાકને પૂરતું પાણી મળી રહ્યું નથી, જેના લીધે ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે.

ખાસ કરીને કેનાલ નજીકના ખેતરોમાં જો તાત્કાલિક સિંચાઈનું પાણી પહોંચાડવામાં આવે તો હાલની પરિસ્થિતિમાં પાકને જીવનદાન આપી શકાય તેમ છે. ખેડૂતોનું કહેવું છે કે જો ધરતીપુત્રોને સિંચાઈ પૂરું પાડતા કડાણા ડેમમાંથી સુજલામ સુફલામ્ કેનાલમાં પાણી છોડવામાં આવે, તો કેનાલ આસપાસના અનેક ખેતરોને તેનો સીધો લાભ મળી શકે છે. હાલમાં સ્થાનિક ખેડૂતો સરકાર અને વહીવટી તંત્ર તાત્કાલિક કોઈ નિર્ણય લઈ કેનાલમાં પાણી છોડે તેવી આશા રાખી રહ્યા છે.

કપડવંજના પૂર્વ ધારાસભ્ય કાળુસિંહ ડાભીની મુખ્યમંત્રીને રજૂઆત

વિધવા બહેનોની માસિક સહાય વધારીને ૩ હજાર કરવા માગણી

૩૦ દિવસમાં ઉકેલ નહીં આવે તો થાળી વગાડી આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) કપડવંજ, તા.૩

કપડવંજ - કઠલાલના પૂર્વ ધારાસભ્ય કાળુસિંહ ડાભીએ મુખ્યમંત્રીને એક પત્ર પાઠવીને વિધવા બહેનોની માસિક સહાય રૂ. ૧૨૫૦થી વધારીને રૂ. ૩૦૦૦ કરવા માટે ઉગ્ર રજૂઆત કરી છે. તેમણે ચીમકી આપી છે કે, જો આગામી ૩૦ દિવસમાં વિધવા બહેનોના પડતર પ્રશ્નોનો સંતોષકારક નિકાલ કરવામાં નહીં આવે, તો કપડવંજ અને કઠલાલ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સેંકડો વિધવા બહેનો સાથે કલેક્ટર કચેરી સામે થાળી વગાડીને ઉગ્ર ધરણા પ્રદર્શન કરવામાં આવશે.

કપડવંજના પૂર્વ ધારાસભ્ય કાળુસિંહ ડાભીએ પત્રમાં જણાવ્યું હતું કે, આજની કમરતોડ મોંઘવારીમાં જ્યારે દૂધ રૂ. ૭૦ પ્રતિ લિટર, તેલ રૂ. ૨૦૦ પ્રતિ લિટર અને ગેસનો બાટલો રૂ. ૯૦૦ પર પહોંચ્યો છે, ત્યારે ગુજરાત સરકાર વિધવા બહેનોને માત્ર રૂ. ૧૨૫૦ની મામૂલી સહાય આપીને તેમનું અપમાન કરી રહી છે. આટલી ઓછી રકમમાં ઘર ચલાવવું, બાળકોને ભણાવવા કે દવા લાવવી અશક્ય બની ગયું છે.

વધુમાં આક્ષેપ કર્યો હતો કે, કપડવંજ અને કઠલાલ તાલુકામાં ઘણા લાંબા સમયથી સેંકડો અરજીઓ મંજૂર થયા વગર પેન્ડિંગ પડી રહી છે.

પેન્ડીંગ અરજી તાત્કાલિક મંજુર કરવા માગ

ખેડા જિલ્લાની અને ખાસ કરીને કપડવંજ તેમજ કઠલાલ તાલુકાની તમામ પેન્ડિંગ અરજીઓ ૩૦ દિવસની અંદર મંજૂર કરવામાં આવે. દર મહિને પાંચમી તારીખ પહેલાં સહાયની રકમ લાભાર્થી બહેનોના ખાતામાં સીધી જમા થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. પૂર્વ ધારાસભ્યે જણાવ્યું હતું કે, આ લડાઈ કોઈ રાજકારણ માટે નથી, પરંતુ આ દેશની બહેનોના સ્વાભિમાન માટેની છે.

આણંદ જિલ્લાના શ્રેષ્ઠ આઠ શિક્ષકોનું પમીએ બહુમાન થશે

જિલ્લા કક્ષાના ૩ અને તાલુકા કક્ષાના ૫ ઉત્કૃષ્ટ શિક્ષકોની એવોર્ડ માટે પસંદગી

(પ્રતિનિધિ) આણંદ, તા.૩

આણંદ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ યોગદાન આપનાર શિક્ષકો માટે ૫મી સપ્ટેમ્બર એટલે કે શિક્ષક દિનના પવિત્ર અવસરે 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૬' એનાયત કરવામાં આવશે.

આણંદ જિલ્લા કક્ષાએથી ૩ અને તાલુકા કક્ષાએથી ૫ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. આ વિજેતા શિક્ષકોનું સન્માન અન્ન અને પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી, આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા અને નાણાં રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવશે.

આણંદ જિલ્લા શિક્ષણાધિકારી અને કન્વીનર, જિલ્લા કક્ષાની શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમિતિ દ્વારા આ ગૌરવપૂર્ણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે સન્માન મેળવનારા શિક્ષકોમાં જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોમાં લલિતકુમાર રમેશભાઈ ગોહેલ (બોરસદ), નિતિનકુમાર વિનુભાઈ પટેલ (વલ્લભવિદ્યાનગર), વસંત જેસંગભાઈ વાળંદ (જીટોડિયા) નો સમાવેશ થાય છે. જ્યારે હેતલકુમારી વિજયસિંહ ભાટી (અડાસ), કિરીટભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ (સરસા), નયનાબેન અમરસિંહ સોલંકી (પામોલ), તેજલબેન કિરીટકુમાર સુથાર (કાસોર), સ્મિતાબેન હરીશભાઈ પરમાર (દેવા)નું મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવશે.

પેટલાદ પાલિકામાં પ્રમાણિક કરદાતાઓને અન્યાય

પેટલાદમાં વર્ષોથી વેરો ન ભરનારા બાકીદારો માટે લાલ જાજમ પાથરી!

જૂના કસૂરવારોને નોટિસ ફી અને વ્યાજમાં સો ટકા માફી

(પ્રતિનિધિ) પેટલાદ, તા.૩

પેટલાદ પાલિકાની તિજોરી તળીયા ઝાટક છે. પાલિકાને સ્વભંડોળની આવક વધારવા અને આર્થિક સંકડામણને પહોંચી વળવા માફી યોજનાનો નિર્ણય લેવાયો હોવાની વાત ચર્ચાસ્પદ બનવા પામી છે. કારણકે કુલ બાકીદારો પૈકી 57 ટકા કરદાતાઓ દર વર્ષે નિયમીત સમયસર વેરા ભરતા આવ્યા છે. જ્યારે માત્ર 5 ટકા જેટલા જ કરદાતાઓ ઉપર નોટીસ ફી, પેનલ્ટી, વ્યાજ અને વોરંટ ફી ચડતી જાય છે. જેને કારણે જ અંદાજીત પાંચ કરોડ ઉપરાંતના બાકી વેરા છે. પરંતુ આ પૈકી ચાર કરોડ જેટલી માતબર રકમ તો વર્ષો જુના પણ માત્ર 5 ટકા બાકીદારોની છે. જેના માટે આટલો મોટો આર્થિક ફટકો પાલિકાને પડનાર છે. એટલે નિયમીત વેરા ભરનાર કરદાતાઓને રીતસરનો અન્યાય થતો હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં લગભગ 21500 થી વધુ મિલકતો છે. જેમાં 16000 જેટલી રહેણાંક અને 5500 જેટલી કોમર્શિયલ છે. આ તમામ મિલકત ધારકો પાસેથી પાલિકા દર વર્ષે સફાઈ, પાણી, ગટર, શિક્ષણ, જનરલ વગેરે વેરાઓ ઉઘરાવે છે. આવા તમામ વેરાઓ માટે દર વર્ષે પાલિકા બધા જ મિલકત ધારકોને માંગણાં બીલો મોકલાવે છે. જેમાંથી વર્ષે સાડા ત્રણ કરોડ જેટલી રકમના નવા વેરા વસૂલ કરવાના હોય છે.

આ નવા વેરાની આવક તો સંતોષકારક હોય છે, પરંતુ પાછલા બાકી વેરાની વસૂલાત અત્યંત નબળી હોય છે. જેની કડક વસૂલાત માટે પાલિકાએ ક્યારેય આળસ ખંખેરી નથી. છેવટે પાલિકાના કારોબારી ચેરમેને તા.20 ઓગસ્ટ 2025ના રોજ ઠરાવ નં.29થી માફી યોજનાનો પ્રાથમિક મુસદ્દો મંજુર કર્યો હતો. જે મિલકત ધારક પાછલા બાકીવેરાની એક સાથે ચુકતે રકમ ભરે તો તેઓને નોટીસ ફી, વ્યાજ, પેનલ્ટી, વોરંટ ફીની રકમમાં 100 ટકા માફી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. જે મુસદ્દો પાલિકાના વેરા વિભાગે તા.12 સપ્ટેમ્બર 2025 જાહેર કર્યો હતો. જેને તા.10 નવેમ્બર 2025ની કારોબારી સભામાં ઠરાવ નં.40થી બહાલી આપવામાં આવી હતી. બાદમાં આ મુસદ્દા અને તેના નિયમોને તા.26 ડીસેમ્બર 2025ની સામાન્ય સભામાં આખરી મંજુરી આપી હતી. જેથી પાલિકાના ચીફ ઓફીસરે પેટલાદ નગરપાલિકા મિલકત વેરા દંડનીય વ્યાજ માફી ઉપનિયમો - 2026 લાગુ કરવાની મંજુરી માંગતી દરખાસ્ત રિજીયોનલ કમિશ્નરને મોકલી આપી હતી. આ દરખાસ્તને ધ્યાને લઈ ગુજરાત નગરપાલિકા અધિનિયમ 1963ની કલમ-271(ત)ની જોગવાઈઓ હેઠળ મંજુર કરતો હુકમ પ્રાદેશિક કમિશ્નર વડોદરાએ કર્યો હતો. જેની અમલવારી તાત્કાલિક ધોરણે શરૂ કરી તા.30 સપ્ટેમ્બર સુધી ચુકતે ભરનાર વેરા ધારકોને લાભ મળવાપાત્ર હોવાનું પાલિકાના કારોબારી ચેરમેન જય પટેલે જણાવ્યું હતું.

પાલિકાને નુકશાનની યોજના ?

પેટલાદ પાલિકાના પાછલા બાકી વેરાનું માંગણું રૂ.4.13 કરોડ હતું. જેમાંથી માત્ર રૂ.21.75 લાખની વસૂલાત થઈ શકી હતી. એટલે કે માત્ર 5.25 ટકાની વસૂલાત પછી રૂ.3.92 કરોડ જેટલી માતબર રકમ જુના બાકીદારો વર્ષોથી ભરતા જ નથી. તેની સરખામણીમાં ચાલુ વર્ષના કુલ રૂ.3.58 કરોડ સામે રૂ.2.05 કરોડના વેરા મિલકત ધારકો પાલિકામાં ભરી ગયા છે. એટલે કે આ 57.38 ટકા કરદાતાઓ એવા છે જે દર વર્ષે નિયમીત સમયસર વેરા ભરતા આવ્યા છે. આમ હાલમાં કુલ રૂ.5.44 કરોડના બાકી વેરામાં રૂ.3.91 કરોડ તો 1500 જેટલા જુના બાકીદારોની પાછલી બાકી છે. આ અંગે કારોબારી ચેરમેને જણાવ્યું હતું કે આ માફી યોજનાથી જુના બાકીદારોને અંદાજીત રૂપિયા ત્રણ કરોડનો લાભ મળશે. પરંતુ પાલિકાના આ નિર્ણયથી મોટી સંખ્યામાં નિયમીત કરદાતાઓને અન્યાય, જુજ બાકીદારોને ઘી-કેળાં અને પાલિકાને મોટું આર્થિક નુકશાન થનાર હોવાની વાત ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

આર્થિક કટોકટીને પહોંચી વળવા નિર્ણય !

પેટલાદ પાલિકાની આર્થિક સ્થિતી છેલ્લા કેટલાક વર્ષોથી ડામાડોળ હોવાનું જગજાહેર છે. પાલિકાને દર મહિને અંદાજીત રૂ.70લાખના પગાર માટે માત્ર રૂ.29 લાખ જેટલી ગ્રાન્ટ મળે છે. બાકીની ઘટતી રકમ માટે સ્વભંડોળ ઉપર નિર્ભર રહેવું પડે છે. આ આર્થિક કટોકટીને પહોંચી વળવા રૂપિયા ત્રણ કરોડની માફી આપી પાંચ કરોડની વસૂલાત લેવાનો એક્શન પ્લાન હોવાનું જાણવા મળે છે. એટલે કે જે કરદાતાઓ નિયમીત સમયસર વેરા ભરતા આવ્યા છે તેઓને માત્ર દસ ટકાની વેરા વળતર યોજનાનો લાભ મળે છે. જ્યારે વર્ષોથી વેરા નહીં ભરનાર મિલકત ધારકો સામે વસૂલાતની કાર્યવાહી કરવાના બદલે માફી યોજના લાવવામાં આવી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ચારુસેટ-ડેપસ્ટારમાં ઈન્ટરનલ સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થી સહભાગી થયાં

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ સંલગ્ન દેવાંગ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ (DEPSTAR) દ્વારા સંસ્થા સ્તરે આ ઇન્ટરનલ હેકાથોનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં ઇનોવેશન, સર્જનાત્મકતા અને પ્રોબ્લેમ-સોલ્વિંગની સંસ્કૃતિ વિકસાવવાના હેતુથી યોજાયેલી આ રાષ્ટ્રવ્યાપી મહત્વની પહેલમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ હેકાથોન દરમિયાન વિદ્યાર્થીઓ સમક્ષ કૃષિ, રોબોટીક્સ, ગ્રીન ટેક્નોલોજી, ઓટોમેશન અને સાયબર સિક્યોરીટી સહિતના વિવિધ વિષયોના કુલ ૨૪૨ વાસ્તવિક પડકારો રજૂ કરાયા હતા.

આણંદના હાડગુડ શાળામાં લર્નીંગ બાય ડુઇંગ અંતર્ગત અનોખો શિક્ષક તાલીમ સેમિનાર યોજાયો

આણંદ | હાડગુડ સ્થિત પી.એમ. પ્રાથમિક ગુજરાતી શાળામાં NEP-2020 અંતર્ગત શિક્ષણને પ્રવૃત્તિ અને અનુભવ આધારિત બનાવવા માટે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમ આપનાર શૈલેષ રાઠોડ દ્વારા શિક્ષકોને બાળકોમાં વિચારશક્તિ, સર્જનાત્મકતા અને સહભાગિતા વધારતી વિવિધ પ્રાયોગિક પ્રવૃત્તિઓનું જીવંત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આચાર્ય હિરેનભાઈ મેકવાને પ્રેરણાદાયી તાલીમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો, જ્યારે ઉપસ્થિત શિક્ષકોએ નૂતન પ્રયોગોથી શિક્ષણકાર્યમાં નવી ઊર્જા મળી હોવાનો હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદની એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ ખાતે સફળ કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવ યોજાઈ

આણંદ | શહેરની એનએસ પટેલ આર્ટ્સ કોલેજ (ઓટોનોમસ) ખાતે ગ્રેજ્યુએટ અને પાસ આઉટ થઈ રહેલા વિદ્યાર્થીઓ માટે વિશેષ કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઇવનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટ ડ્રાઇવમાં એલ.આઈ.સી. ઓફ ઇન્ડિયા, એક્સિસ બેંક અને ટાટા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સ્કિલ જેવી ખ્યાતનામ સંસ્થાઓ અને કંપનીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્ય પ્રો. ડો. પ્રશાંત પટેલે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે રોજગારી મેળવીને આર્થિક રીતે પગભર થવા માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. પ્લેસમેન્ટ સેલના કન્વીનર ડો. શૈલેષગિરી ગોસાઈના સંકલનથી આ ડ્રાઇવમાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ભાઈકાકા યુનિ. સંચાલિત સંસ્થામાં નવા અભ્યાસક્રમના પ્રથમ બેચનો 'જ્ઞાનારંભ' યોજાયો

આણંદ | ભાઈકાકા યુનિવર્સિટી સંચાલિત એલ. પી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ખાતે NCAHP ના નવા શૈક્ષણિક માળખા અનુસાર પ્રથમ બેચનો પ્રારંભ થયો છે. આ નવા વિદ્યાર્થીઓ માટે પાંચ દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમ 'જ્ઞાનારંભ-૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોવોસ્ટ ડો. અભય ધરમશીના નેતૃત્વ હેઠળ યોજાયેલા ઉદ્ઘાટન સત્રમાં રજિસ્ટ્રાર ડો.જ્યોતિ તિવારી અને ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. સોનલ ચિત્રોડાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી આવકાર્યા હતા. આ પ્રસંગે ઇન્સ્ટિટ્યૂટના પ્રથમ વાર્ષિક ન્યૂઝલેટર 'અદ્યતનમ્' નું વિમોચન કરવાની સાથે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા અને હેપેટાઇટિસ-B અંગેના જાગૃતિ કાર્યક્રમો પણ યોજાયા હતા.

સ્પેક એમબીએ કોલેજમાં 'એસએસઆઈપી. ૨.૦ સેન્સિટાઇઝેશન કાર્યક્રમ' યોજાયો

આણંદ | સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (એમ.બી.એ.), બાકરોલ ખાતે ઓરિએન્ટેશન કાર્યક્રમ "આરંભ અને પ્રારંભ" અંતર્ગત એસ.એસ.આઈ.પી. 2.0 સેન્સિટાઇઝેશન અને સેલ પરિચય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ ડો. સુનિલ ચાકીએ વિદ્યાર્થીઓને નવીન વિચારો, ઉદ્યોગસાહસિકતા તથા સ્ટાર્ટઅપ પોલિસી હેઠળ મળતા વિવિધ સહયોગ અને લાભો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કોલેજના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર અને સ્ટાફના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સફળ આયોજન બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શીતલ પટેલ અને ટ્રસ્ટીગણે શુભેચ્છાઓ પાઠવી હતી.

વિદ્યાનગરની BVMની બોયઝ ટીમ જીટીયુ સ્પિરિટ બેડમિન્ટન સ્પર્ધામાં ચેમ્પિયન બની

આણંદ | ચારુતર વિદ્યા મંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની ટીમોએ જીટીયુ સ્પિરિટ-2026 ઇન્ટર-કોલેજ બેડમિન્ટન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ રોમાંચક સ્પર્ધામાં પોતાની શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરીને બી.વી. એમ. ની બોયઝ ટીમ ચેમ્પિયન અને ગર્લ્સ ટીમ રનર્સ-અપ બની સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ખેલાડીઓની આ સફળતા પાછળ બી.વી. એમ. સ્પોર્ટ્સ કોઓર્ડિનેટર પ્રો. આશિષ આર. પટેલ અને પ્રો. રોનક પટેલનું યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મહત્વનું રહ્યું હતું. આ ઝળહળતી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રિન્સિપાલ ડો. વિનય પટેલ અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલે તમામ વિજેતા ખેલાડીઓને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

ડભોઈ ડાંગર સંશોધન કેન્દ્ર ખાતે ખેડૂતો માટે એકદિવસીય વૈજ્ઞાનિક તાલીમ યોજાઈ

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ દ્વારા આયોજિત તાલીમમાં ભાવપુરા ગામના ૪૦ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમમાં ડો. મિહિર મોઢ દ્વારા પાણીના બચાવ સાથે ડાંગરની વૈજ્ઞાનિક ખેતી અને ડાયરેક્ટ સીડેડ રાઇસ (DSR) પદ્ધતિ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ખેતી મદદનીશ મહેશભાઇ રાઠવાએ હાજર ખેડૂતોને જમીનની વૈજ્ઞાનિક ચકાસણી કરવા અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

ખંભાતના કલોદરાની શાળામાં ટેટ-ટાટની વિશિષ્ટ પરીક્ષા સાથે શિક્ષક દિનની સાચી ઉજવણી

ખંભાત | ખંભાત તાલુકાની ચંચલ દીપ વિદ્યાવિહાર શાળામાં બાળકોના શ્રેષ્ઠ કારકિર્દી ઘડતરના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ શિક્ષક દિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ શાળામાં શિક્ષક કે આચાર્ય બનવા ઉત્સુક વિદ્યાર્થીઓ માટે અગાઉથી જ વિધિવત ટેટ, ટાટ અને એચમેટ જેવી પરીક્ષાઓનું આયોજન કરાયું હતું. પરીક્ષા અને પાંચ સભ્યોની કમિટીના પર્સનલ ઇન્ટરવ્યૂ બાદ ધોરણ ૧૦ ના જીમીલ પટેલ આચાર્ય તરીકે અને શિવમ ઉપાચાર્ય તરીકે પસંદગી પામ્યા હતા. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ લેસન પ્લાન બનાવી સુંદર શૈક્ષણિક કાર્ય કર્યું હતું, જેનું મૂલ્યાંકન બીએડ કોલેજ ખંભાતના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

કપડવંજ શહેરની એસ.સી. દાણી શાળામાં ભવ્ય દેશભક્તિ નાટ્યોત્સવ સંપન્ન

કપડવંજ | એસ.સી. દાણી શાળામાં દેશપ્રેમ અને રાષ્ટ્રીય ચેતનાને ઉજાગર કરતો ભવ્ય નાટ્યોત્સવ યોજાયો હતો, જેમાં કેળવણી મંડળના એજ્યુકેશન હેડ પૂજાબેન આચાર્ય, શિક્ષકો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ રાણી લક્ષ્મીબાઈના શૌર્ય, સૈનિકોની રાષ્ટ્રરક્ષા, ભગતસિંહના બલિદાન અને ગાંધીજી-સરદાર પટેલ જેવા મહાન રાષ્ટ્રનાયકોના આદર્શો પર આધારિત કુલ પાંચ પ્રેરણાદાયી નાટકો રજૂ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ દેશ પ્રત્યે એક જવાબદાર અને જાગૃત નાગરિક બનવાની પ્રતિજ્ઞા લીધી હતી.

કપડવંજની જીવનશિલ્પ બાલમંદિરમાં કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ

કપડવંજ | કપડવંજની જીવનશિલ્પ બાલમંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભારે ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી, જેમાં નાના ભૂલકાઓ રાધા-કૃષ્ણના સુંદર વેશમાં સજ્જ થઈને આવ્યા હતા. આ પાવન પ્રસંગે શણગારેલા પારણામાં લાલજી ભગવાનની સ્થાપના કરી, તેમની આરતી ઉતારી, થાળ ધરીને સૌને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. શાળાના પ્રાંગણમાં આયોજિત મટકી ફોડ અને રાસ-ગરબાના કાર્યક્રમથી સમગ્ર વાતાવરણ □નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી□ ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. આ ઉજવણી બદલ સંસ્થાના ડાયરેક્ટર સિદ્ધાર્થ પટેલ અને ટ્રસ્ટીગણ હાજર રહ્યાં હતાં.

કપડવંજ ખાતે ધારાસભ્યના હસ્તે નવીન સરકારી તાલુકા ગ્રંથાલયનું લોકાર્પણ કરાયું

કપડવંજ | ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ગ્રંથાલય ખાતા દ્વારા કપડવંજ તાલુકાની જનતા માટે અદ્યતન સરકારી તાલુકા ગ્રંથાલય ખુલ્લું મૂકાયું છે. કપડવંજ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના હસ્તે મુખ્ય ઉદ્ઘાટક તરીકે આ નવનિર્મિત પુસ્તકાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ જયંતીભાઈ પરમાર, નગરપાલિકા પ્રમુખ સેજલબેન પટેલ સહિતના સ્થાનિક અગ્રણીઓ અને ગ્રંથાલય ખાતાના અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.